ગાંધીનગર સમાચાર

# ચિલોડાથી કરાઈ સુધીનો માર્ગ પહોળો કરવા તંત્રને ગ્રામજનોનું અલ્ટીમેટમ

## આગામી ૧૦ માર્ચ સુધીમાં માર્ગનું કામ શરુ નહી થાય તો ૧૫ માર્ચે પંદર ગામના દશ હજારથી વધુ ગ્રામજનો રસ્તા રોકો આંદોલન કરશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીકથી પસાર થતો નેશનલ હાઈવે નં - ૮ ચિલોડા થી કરાઈ સુધીનો માર્ગ ફોરલેન કરવા પંદર ગામના સરપંચોએ સરકાર સમક્ષ રજુઆત કરી છે. આ માર્ગ સાંકળો હોવાથી આંતરે દિવસે અકસ્માતના બનાવો બનવા પામે છે જેમાં ગત્ વર્ષ - ૨૦૧૫ થી અત્યાર સુધીમાં ૧૫૦ થી વધુ નિર્દોષ વાહન ચાલકો મોતને ભેટ્યા છે. આ માર્ગ પહોળો કરવા માટે ટેન્ડર મંજુર થવા છતા આજ દિન સુધી કોઈ પણ પ્રકારની કામગીરી શરુ ન થતા ગ્રામજનો રોષે ભરાયા છે. વિવિધ ગામના સરપંચોએ આગામી તા. ૧૦ મી માર્ચ સુધીમાં તંત્ર દ્વારા કામ શરુ નહી કરવામાં આવે તો તા.૧૫ મી માર્ચના રોજ લવારપુર પાટીયા ખાતે એકદિવસીય ધરણા તેમજ રસ્તારોકો આંદોલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના ચિલોડા થી અમદાવાદ નરોડા જવાના માર્ગ પર અકસ્માતનના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. નેશનલ હાઈવે નં - ૮ હોવાથી વાહનોનું ભારણ વધુ રહે છે, અમદાવાદ નરોડા થી રાજસ્થાન, દિલ્હી સુધીના વાહન વ્યવહાર આ માર્ગ પર હોય છે. ત્યારે નેશનલ હાઈવે હોવા છતા ચિલોડા થી અમદાવાદ જતા આ માર્ગ સાંકળો હોવાથી ટ્રાફિકને લઈ અવાર - નવાર અકસ્માતના બનાવો બનવા પામે છે. જીવલેણ અકસ્માતોની વણથંભી વણઝાર હોવા છતા નેશનલ હાઈવે પહોળો કરવામાં નથી આવતો. અગાઉ પણ આસપાસના જાગૃત નાગરીકો દ્વારા આંદોલન કરીને તંત્રને રજુઆત કરવામાં આવી હતી. આ માર્ગ માટે ટેન્ડર મંજુર થવા છતા હજુ સુધી કોઈ પણ પ્રકારની કામગીરી થવા પામી નથી. તેવા સંજોગોમાં ચિલોડાથી લીંબડીયા કરાઈ સુધીના હાઈ વે પર આવતા પ્રાંતિયા, બુટાકીય , રામપુરા, લાવપુર, પાલજ, વલાદ, ડભોડા, આનંદપુરા, જેઠીપુરા, પ્રભુપુરા, ફિરોજપુરા, ગોળવંટા, સહિતના ગામના સરપંચો એકત્ર થઈને સરકાર સમક્ષ માર્ગને ફોરલેન કરવા રજુઆત કરી છે. તેમજ આગામી તા.૧૦-૩-૧૬ સુધીમાં માર્ગનું કામ તંત્ર દ્વારા શરુ નહી કરવામાં આવે તો આગામી તા. ૧૫ માર્ચના રોજ લવારપુર બસ સ્ટેન્ડ પાસે એક દિવસીય ધરણા તેમજ રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અંદાજીત ૧૦ હજારથી વધુ ગ્રામજનો હાજર રહીને રસ્તારોકો આંદોલન કરીને ચિલોડાથી અમદાવાદ તરફ ભારે વાહનો ને જવા દેવામાં આવશે નહી. આ હાઈ વે પર ગત્ વર્ષ - ૨૦૧૫ અને અત્યાર સુધીમાં ૧૫૦ થી વધુ નિર્દોષ વાહન ચાલકો મોતને ભેટ્યા છે. છતા પણ તંત્રના અધિકારીઓના પેટની પાણી હાલતું નથી ત્યારે પંદર ગામના સરપંચો તેમજ ગ્રામજનો જાગૃત બનીને ચિલોડા - અમદાવાદ ફોરલેન માર્ગનું કામ સત્વરે શરુ કરવામાં આવે તે અંગે સરકારમાં રજુઆત કરવામાં આવી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




શેઠ... તમે લુહાર નથી એટલે ત્રણ દિવસની હડતાલમાં મેળ નહીં પડે... સાંભળ્યું છે ને સો સુનાર કી ... એક લોહાર કી...!!

# પાટનગરના વિકાસને ગતિશીલ બનાવવા અનેકવિધ પગલાં સરકારે લીધા છે : અશોકભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના વિકાસને વધુ ગતિશીલ બનાવવા માટે સરકારે જે પ્રયાસો કર્યા છે તેનાથી શહેરના જનજીવનમાં ભારે બદલાવ આવ્યો છે તેમ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે આજે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતાં કહ્યુ હતું.

તેમણે કહ્યું કે આગામી દિવસોમાં આ શહેરને મેટ્રોરેલથી પણ સાંકળવામાં આવનાર છે તેમજ રેલવે સ્ટેશનના આધુનિકરણ માટે રેલવે સાથે સુયોગ્ય સંકલનમાં રહી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

પટેલે જણાવ્યું હતું કે પાટનગર યોજના માટે અગાઉ જે નાણાંકીય ફાળવણી થતી હતી તેના કરતાં ભાજપની સરકારે તેમાં અનેક ગણો વધારો કર્યો છે જે દર્શાવે છે કે આ સરકાર શહેરના વિકાસ માટે સંવેદનશીલ છે.

તેમણે ગઈકાલે જે રીતે ગ્રીનસીટીના રહેણાંક ઝોનમાં પાણીની સમસ્યાનો ઉકેલ આવ્યો છે તેને આવકારી જણાવ્યું હતું કે, શહેરના સ્લમ વિસ્તાર તરીકે ઓળખાતા વિસ્તારોમાં પાકા રસ્તાના કામો કરવામાં આવ્યા છે.

શહેરના શૈક્ષણિક સંકુલોને પણ વાઈ-ફાઈ ઝોનમાં સમાવવાનો નિર્ણય સરકારનો પણ આવકારદાયક છે. તેમણે શહેરમાં વધતા જતા વસ્તીના ભારણને ધ્યાને રાખી જે રીતે યોજનાબદ્ધ ઉકેલની દિશામાં સરકારે પગલાં લીધા છે તે માટે હું સરકારનો આભાર માનુ છુ.

મેટ્રો ટ્રેન-ડ્રેઝ-રમાં ગાંધીનગરનો સમાવેશ થયો છે અને તેના આયોજનની પણ તૈયારીઓ શરૂ થઈ ચુકી છે અને ટૂંકમાં તેને આખરીરૂપ આપી આગળ વધવામાં આવશે તેવા સંકેતો મંત્રીશ્રીએ આપ્યા છે તેને પણ હું આવકારૂ છું.

# વાવોલના વીજ ગ્રાહકોને પડયાં પર પાટું..!!!

## વીજબીલ કલેક્શન કેન્દ્ર પણ એકાએક બંધ થતા ગ્રાહકોને ધરમધક્કા હવે બીલ ભરવા છેક ચરેડી સુધી લાંબા થવુ પડશે

વાવોલમાં વીજ ધાંધિયા સાથે વીજબીલ કલેક્શન સેન્ટરનો મામલો પણ ગરમાયો છે. ખાનગી વીજબીલ કલેક્શન એજન્ટે કામ બંધ કરતાં ગ્રાહકોને પડી રહેલી મુશ્કેલીમાં આજે ઉમેરો થવા પામ્યો હતો. વાવોલ ગ્રામ પંચાયત કચેરીએ વીજબીલ કલેક્શન કરતુ કેન્દ્ર પણ આજે બંધ થઈ જતા ગ્રાહકો ભારે હાલાકીમાં મુકાયા છે. એક તરફ ખાનગી વીજબીલ કલેક્શન કેન્દ્ર છેલ્લા બે માસથી બંધ થઈ જતા વાવોલના ગ્રામજનો તથા ન્યુ વાવોલના રહીશોને ઘણી મુશ્કેલી પડી રહી હતી. જ્યારે હવે ગ્રામ પંચાયત કચેરી ખાતેનું કેન્દ્ર પણ બંધ થઈ જતા ગ્રાહકોની હાલતમાં 'ગામનો બળ્યો જંગલમાં ગયો તો જંગલમાં પણ લાગી આગ'' જેવો ઘાટ સર્જાયો છે. આમ પણ વીજ પુરવઠામાં વારંવાર ધાંધિયાથી પરેસાન વીજ ગ્રાહકોને હવે વીજ બીલના નાણાં ભરવા છેક ચરેડી સુધી લાંબા થવાનો વારો આવતા હાલત કફોડી બનવા પામી છે. ગ્રામ પંચાયત ખાતેનું કલેક્શન કેન્દ્ર અગન્ય કારણોસર એકાએક બંધ કરતા આજે બીલ ભરવા આવેલા અસંખ્ય ગ્રાહકોને ધરમધક્કા પડ્યા હતા. વીજ કંપનીની આ બાબતે સેવાતી બેદરકારી પ્રત્યે ગ્રાહકોમાં ભારે રોષની લાગણી ફેલાવા પામી છે.

## ખૂણે ખાંચરેથી...

● રાજયના રાજ્યપાલશ્રી મહામહીમ શ્રી ઓ.પી. કોહલી આજે રાજભવનના અધિકારી શ્રી બકુલભાઈ જાનીની દિકરીના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા સે. ૭ની લગ્નવાડીમાં આવ્યા હતા, અને નવદંપતિને આશિષ આપ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે વહેલી સવારે વરસાદ પછી ઠંડક, બપોરે અસહ્ય ગરમી અને સાંજે પુનઃ ઠંડુ વાતાવરણ બનતાં એક જ દિવસમાં ત્રણેય ઋતુનો અનુભવ લોકોને થયો હતો.

● ''ગ્લેડીયેટર'' આઈ.એમ.એ.ની બી ટીમ અને જીએમઈઆરએસના ફર્સ્ટ-સેકન્ડ યરની ટીમ વચ્ચે આજે રમાયેલ મેચમાં આઈએમએનો વિજય થયો હતો. આ મેચમાં શાલીને કરેલી બેટીંગને લઈ મેન ઓફ ધી મેચનો એવોર્ડ એનાયત કરાયો હતો.

● આજે જીએમઈઆઈરએસના હોલમાં માતા યશોદા એવોર્ડ તેમજ મહિલા રમતવીરોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાશે તેની તડામાર તૈયારીઓ પંચાયતમાં આખો દિવસ ચાલી હતી.

● ગાંધીનગર શહેરમાં આગામી દિવસોમાં લોકાર્પણના કાર્યક્રમો યોજવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

● વિધાનસભા ગૃહમાં આજે વિપક્ષના નેતા જેમનુ વતન વાલણ છે અને ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલે (કોલવડા) બજેટ પરની ચર્ચામાં એક જ દિવસે ભાગ લેતાં આજે ગૃહમાં જિલ્લાના બે સભ્યોએ ભાગ લીધાની ઘટના નોંધાઈ છે.

# સે-૩ રામેશ્વર મંદિરમાં શિવરાત્રિએ બરફના અમરનાથના દર્શન

## રાજયોગ દ્વારા ખુશનુમા જીવન શિબિર પણ યોજાશે

ગાંધીનગર, તા.૩

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સે-૩ ગાંધીનગર દ્વારા આગામી તા. ૭મી માર્ચના રોજ મહા શિવરાત્રીના પાવનપર્વ નિમિત્તે બરફના અમરનાથ આત્મખોજ પ્રદર્શન તથા પરમાત્મ અવતરણ વિડિયો શૉનું આયોજન કરવામાં આવ્યું છે.

સેક્ટર-૩-ડી, રામેશ્વર મંદિર ખાતે સવારે ૭.૦૦ થી સાંજે ૭.૦૦ કલાક દરમિયાન પર્યાવરણ અને મત્સ્યોદ્યોગ મંત્રી બચુભાઈ ખાબડ ઝાંખીના ઉદઘાટક અને હાઈટેક હોસ્પિટલના ઓર્થોપેડીક સર્જન ડૉ.વિજયભાઈ ઉપાધ્યાય પ્રદર્શનના ઉદઘાટક તરીકે હાજર રહેશે. તેમજ ઉદઘાટન પ્રસંગે દિપ પ્રજવલન માટે મ્યુનિસિપલ કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી, ધર્મેશ પટેલ, મહિપતસિંહ પરમાર, ડૉ. બ્રિજેશ પટેલ, ડૉ. સુરેન્દ્ર ત્રિવેદી, ડૉ. વિપુલભાઈ ઠકકર અને અન્ય મહાનુભાવો પણ હાજર રહેશે.

આ ઉપરાંત રામેશ્વર મંદિરના સભાખંડમાં આગામી તા. ૮ થી ૧૦ માર્ચ સુધી સવારે ૮ થી ૯, બપોરે ૪ થી ૫ અને રાત્રી ૮ થી ૯ કલાક દરમિયાન રાજયોગ દ્વારા ખુશનુમા જીવન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણમાંથી કોઈ પણ એક સમયે શિબિરનો લાભ લેવા નગરના તમામ નગરજનોને બી.કે. સુનિતાએ જણાવ્યું છે.

# છેલ્લા ત્રણ વર્ષથી વોન્ટેડ બુટલેગર એસઓજીના સકંજામાં

## કચ્છના ભચાઉ વિસ્તારના બુટલેગર ગામે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો

ગાંધીનગર, તા.૩

રેન્જ આઈજીપીએ ગાંધીનગર એસપીને નાસતા ફરતા આરોપીઓ



પકડવા અંગે ડ્રાઈવ રાખવા આપેલી સુચના અન્વયે ગાંધીનગર એસઓજીની ટીમ વોન્ટેડ આરોપીઓની યાદી પ્રમાણે તબક્કાવાર તેમને પકડવા લોકેશન ટ્રેસ કરી રહી છે. આજે કચ્છના ભચાઉ વિસ્તારના ત્રણ વર્ષથી સે-૨૧ પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ બુટલેગરને પકડી પાડી કાયેદસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પી.બી.ચૌહાણની સુચનાથી પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમ વોન્ટેડ આરોપીઓની યાદી મેળવીને તે યાદીનો અભ્યાસ કરી આરોપીઓના લોકેશન બાતમીદારો મારફતે મેળવી રહ્યા છે. જે અંતર્ગત બે દિવસ પહેલા પણ એસઓજીએ બે વોન્ટેડ આરોપીઓ પકડયા હતા. દરમિયાન આજે પણ એક વોન્ટેડ બુટલેગરને એસઓજીએ સકંજામાં લઈ લીધોછે. સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ત્રણ વર્ષથી વોન્ટેડ કચ્છના ભચાઉ વિસ્તારના બુટલેગર વાલજી ઉર્ફે વાલુ રાણા આહીરની એસઓજીની ટીમે અટકાયત કરી લઈને સે-૨૧ પોલીસને સોંપી દીધોછે. સે-૨૧ પોલીસે આરોપીની ધરપકડ કરીને કાર્યવાહી આરંભી છે.

# ધારાસભ્યએ આપેલો આવકાર

ધારાસભ્યશ્રી અશોક પટેલે ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ ગ્રીનસીટી ખાતે આવેલ રહેણાંક ઝોનમાં પીવાના પાણીની રજુઆત ત્રણ દિવસ પહેલાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને રજુઆત કરી હતી. જેના ફળશ્રુતિએ ગઈકાલે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને પાટનગર યોજના મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ દ્વારા જીઆઈડીસી શહેરી વિકાસ, પાટનગર યોજનાના અધિકારીશ્રીઓને હાજર રાખી ગાંધીનગર સેક્ટર-૨૬ના ગ્રીનસીટીના રહેણાંક ઝોનમાં નર્મદાનું પાણી જે ગાંધીનગર શહેરને આપવામાં આવે તે પ્રમાણેની વ્યવસ્થા કરવા માટેના આદેશો સંબંધિત અધિકારીશ્રીઓને આપ્યા હતા. જેને આજે આવકાર આપતાં શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું છે કે શહેરના પ્રશ્નો માટે સરકાર સંવેદનશીલ છે તેનો આ પુરાવો છે. અત્યાર સુધી આ વિસ્તારની અંદર જીઆઈડીસી દ્વારા એક મધ્યસ્થી સંસ્થા ગેઝીયા દ્વારા પીવાનો પાણી પુરવઠો પુરો પાડવામાં આવતો તો તેની કિંમત પણ વસાહતીઓ ખુબ જ ઉંચા પ્રમાણમાં બિલ સહન કરતા હતા. જે હવેથી મુખ્યમંત્રીશ્રીની ઉદારનીતિના કારણે આ વસાહતીઓને આર્થિક રીતે ખુબ રાહત મળશે તેવો આ અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૩

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૭મી માર્ચને સોમવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સમારંભમાં સમાજના તેજસ્વી તારલાઓ અને સમાજના બઢતી મેળવેલ નવનિયુકિત પામેલ, વિશિષ્ટ ક્ષેત્રે સિધ્ધી પ્રાપ્ત કરેલા યુવાનોના બહુમાન સાથે સમાજના વડીલોની વડીલ વંદના કાર્યક્રમ પણ યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન સમાજના પરિવાર દર્પણ અંક ૨૦૧૬ની તૃતીય આવૃત્તિનું વિમોચન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સમાજના તમામ જ્ઞાતિજનોને પરિવાર સહિત ઉપસ્થિત રહેવા દિલિપ બ્રહ્મભટ્ટ અને વાસુદેવ અજબાણીએ અનુરોધ કર્યો છે.

# વાવોલ ફાટકે ફરી એકવાર ટ્રાફિક જામ...

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતેના રેલવે ફાટકને કારણે વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. આજે સાંજના સુમારે આ ફાટક આશરે ૨૦ મિનિટ સુધી બંધ રહેતા ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. જેમાં એક દર્દીને લઈ જઈ રહેલ ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ફસાઈ જવા પામી હતી.

વાવોલથી ગાંધીનગરને જોડતા રોડ નં. ૩ પરના રેલવે ફાટકને કારણે વાવોલ વિસ્તારના વાહનચાલકોમાં ભારે અસંતોષ વ્યાપેલો જોવા મળી રહ્યો છે. આ ફાટક બંધ થાય ત્યારે ખુલવામાં અન્ય ફાટકો કરતા વધુ સમય લેતુ હોવાથી પહેલેથી વાહનચાલકોમાં નારાજગી છે. ત્યાં આજે સાંજના પાંચ વાગ્યાના સુમારે પસાર થઈ રહેલ માલગાડીના કારણે ફાટક લગભગ ૨૦ મિનિટ સુધી બંધ રહેતા ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. આ પ્રકારના દશ્યો જો કે અહી રોજના થઈ ગયા છે પરંતુ આજે તેમાં દર્દીને લઈને જતી ૧૦૮ એમ્બ્યુલન્સ સુદ્ધા ફસાઈ જવા પામી હતી. આમ પણ રેલવે ફાટકના વાવોલ ગામ તરફના છેડે વળાંક વાળો રસ્તો હોવાથી ફાટક બંધ હોય ત્યારે ટ્રાફિકજામ થતા મુશ્કેલી સર્જાય છે. આ પરિસ્થિતિમાં જ્યારે ફાટક વધુ સમય સુધી બંધ રહેતા અફડાતફડીનો માહોલ સર્જાય છે.

દિવસમાં અનેક વખત બંધ થતા રેલવે ફાટકને કારણે વાહનચાલકોમાં આ ફાટક પ્રત્યે ભારોભાર નારાજગી પહેલેથી છે. વાવોલ ગામના ગ્રામવાસીઓ તથા ન્યુવાવોલની સોસાયટીઓના રહીશોમાં આ તકલીફ ટાળવા રેલવે ફાટકે ''ઓવરબ્રીજ'. બનાવાય તેવી માંગ પ્રવર્તી રહી છે.

# આયુર્વેદીક દવાની એજન્સી અપાવવાના બહાને ચીટીંગ કરનાર શખ્સ ઝડપાયો

## મહિલાને ૬ લાખનો ચુનો લગાવતા ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કર્યો હતો : ટ્રાન્સફર વોરંટથી રાજકોટના શખ્સની ધરપકડ

ગાંધીનગરની એક મહિલાને આયુર્વેદીક દવાની એજન્સી અપાવવાના બહાને રાજકોટના એક શખ્સે છ લાખની છેતરપીંડી કરી હતી તે અંગે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ રાજકોટના ઠગને ઈન્ફોસીટી પોલીસ ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે. આરોપીની ધરપકડ કરીને ઈન્ફોસીટી પોલીસે ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે.

ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં અગાઉ એક મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં રાજકોટના વાંસડા વિસ્તારના કેતન હરી બાલધા નામના શખ્સે મહિલાને વિશ્વાસમાં લઈ આયુર્વેદીક દવાની એજન્સી અપાવવાના બહાને રૂ. ૬ લાખનો ચુનો ચોપડી દીધો હતો. આ ઠગ કેતન ત્યારથી નાસતો ફરતો હતો દરમિયાન રાજકોટ પોલીસના સકંજામાં તે આવી ગયો હતો. રાજકોટ પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી આ વોન્ટેડ આરોપી કેતન બાલધાને ઈન્ફોસીટી પોલસ આજે લઈ આવી છે. પોલીસે તેની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

# અગ્નિકર્મ ચિકિત્સા અંગે રાષ્ટ્રીય સેમિનાર - વર્કશોપ યોજાયો

## આયુર્વેદની અગ્નિકર્મ સારવાર પધ્ધતિને પુનઃ પ્રચલિત કરવા પ્રયાસ : વિવિધ રાજયોના ૪૦૦થી વધુ વૈદ્યો, તબીબો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર તાલુકાના પેથાપુર ખાતેના ગ્લોબલ



અગ્નિકર્મ સેન્ટર દ્વારા તાજેતરમાં અમદાવાદના એએમએ ખાતે 'અગ્નિકર્મ-આયુર્વેદ પેઈન મેનેજમેન્ટ' વિષયે દ્વિતિય રાષ્ટ્રીય સેમિનાર તથા વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ભારતના વિવિધ રાજયોમાંથી ૪૦૦થી પણ વધારે આયુર્વેદ વૈદ્યો, વિદ્યાર્થીઓ તથા એલોપેથી તબીબોએ ભાગ લીધો હતો.

સાંધાના દુઃખાવાના ઈલાજ માટે અગ્નિકર્મ એ આયુર્વેદની ખૂબ જ પૌરાણિક અને એક સમયની પ્રચલિત ચિકિત્સા પદ્ધતિ છે. અર્વાચીન યુગમાં આ પદ્ધતિનું ચલણ ઘટી જવા પામ્યુ હતું. પેથાપુરના ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર દ્વારા આયુર્વેદની આ ચિકિત્સા પદ્ધતિને પુનઃ જીવિત કરવા પ્રયાસો હાથ ધરાઈ રહ્યાં છે. આ પ્રયાસોના ભાગરૂપે રાષ્ટ્રીય સેમિનાર-વર્કશોપ આયોજિત કરાઈ રહ્યા છે. તાજેતરમાં અમદાવાદના વસ્ત્રાપુર ખાતે એએમએમાં અગ્નિકર્મ ચિકિત્સા પદ્યતિ અંગે જાગૃતિ આણવા દ્વિતિય સેમિનાર કમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય અતિથિપદે પ્રસિદ્ધ ન્યુરોફિઝિશિયન ડો. સુધીર શાહ, નામાંકિત આંતરરાષ્ટ્રીય આયુર્વદ કન્સલટન્ટ વૈદ્ય અશ્વિન બારોટ, આર્યલેન્ડના મેઈન કન્સલટન્ટ ડો. કેમીલસ પાવર તથા ગ્રીસના ડો. નીકોલસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તમામ આમંત્રિતોએ સાંધાના દુઃખાવા માટેની અગ્નિકર્મ સારવાર અંગેના વૈજ્ઞાનિક વિચારો પ્રસ્તુત કર્યા હતા. આ સાથે અગ્નિકર્મ ચિકિત્સા



સમાજમાં પુનઃ પ્રચલિત બને તે માટે ઉપસ્થિત વૈદ્યો અને વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી.